# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10.09.2026** **Morning: 7.45 TO 7.55**
**Day: Thursday** **National News**

**આકાશવાણી સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.**

******************************************************

1) PM મોદીએ કહ્યુ 20 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે આઠ રેલવે મલ્ટીટ્રેકિંગ પરિયોજનાઓને મંજૂરી થકી લાખો લોકોને લાભ મળશે

2) પ્રિન્સ રહીમ આગા ખાન પાંચમા ભારત મુલાકાત દરમિયાન ટોચના નેતાઓ સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે

3) બ્રિક્સ દેશો આંતરરાષ્ટ્રીય વેપારમાં મહિલા ઉદ્યોગસાહસિકોને આગળ લાવવા સાથે મળીને કામ કરે તેવુ જણાવતા કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ

4) ભારતે નેપાળને માનવતાવાદી સહાયતા વધારતા 130 ટનથી વધુ રાહત સામગ્રી પહોંચાડી

5) અમદાવાદ ખાતે વિશ્વ તિરંદાજી પેરા સિરીઝમાં ભારતે 4 સુવર્ણ, 3 રજત અને 8 કાંસ્ય ચંદ્રક સહિત 15 ચંદ્રક જીત્યા

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CABINET- RAILWAY

કેન્દ્ર સરકારે 20 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે આઠ રેલવે મલ્ટીટ્રેકિંગ પરિયોજનાઓને મંજૂરી આપી છે. આ પરિયોજનાનો ઉદ્દેશ્ય લાઇન ક્ષમતા વધારવા, કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવા અને મુખ્ય માર્ગો પર ભીડ ઘટાડવાનો છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 10 હજાર 783 કરોડ રૂપિયાથી વધુના ત્રણ પરિયોજના પશ્ચિમ બંગાળ , ઝારખંડ, ઓડિશા, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના 14 જિલ્લાઓને આવરી લેશે.

લગભગ 10 હજાર 21 કરોડ રૂપિયાના ખર્ચે અન્ય પાંચ પરિયોજના તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તેલંગાણાના 17 જિલ્લાઓને આવરી લેશે. આ પરિયોજના 52 લાખની વસ્તી ધરાવતા લગભગ બે હજાર એકસો ગામડાઓ સાથે કનેક્ટિવિટી વધારશે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંગે, શ્રી વૈષ્ણવે કહ્યું કે સેવા આવતા વર્ષે શરૂ થશે. બાંધકામ ઝડપથી આગળ વધી રહ્યું છે અને સુરતથી વાપી સુધીનો પ્રારંભિક 100-કિલોમીટરનો ભાગ ખોલવામાં આવશે.

## (BYTE- ASHWINI VAISHNAV)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે આ પરિયોજના દક્ષિણ ભારતમાં રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવશે અને લાખો લોકોને લાભ આપશે. મલ્ટીટ્રેકિંગ પરિયોજના છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં રેલ્વે નેટવર્કનો વિસ્તાર વધારશે અને કનેક્ટિવિટીમાં સુધારો કરશે.

# AGA KHAN-VISIT INDIA

શિયા ઇસ્માઇલી મુસ્લિમ સમુદાયના 50માં ઇમામ અને આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કના વડા પ્રિન્સ રહીમ આગા ખાન પાંચમા તેમની પ્રથમ ભારત મુલાકાતે આવ્યા છે. પ્રિન્સ રહીમ આગા ખાન નવી દિલ્હીમાં દેશના ટોચના નેતાઓ સાથે મુલાકાત કરી અમદાવાદ , મુંબઈ અને હૈદરાબાદની પણ મુલાકાત લેશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે મુલાકાતનો હેતુ ભારત અને આગા ખાન નેટવર્ક વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવાનો છે તેઓ આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક દ્વારા ભારતમાં ચાલી રહેલા સામાજિક અને ગ્રામીણ વિકાસના કાર્યોની સમીક્ષા કરશે.

પ્રિન્સ રહીમ આગા ખાન ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણનના આમંત્રણ પર આ મહિનાની 15મી તારીખ સુધી ભારતની મુલાકાતે છે.

તેઓ આજે ઉપરાષ્ટ્રપતિ સાથે વાતચીત કરશે. નવી દિલ્હીમાં તેમના રોકાણ દરમિયાન, આગા ખાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરને પણ મળશે.

ઇસ્માઇલી સમુદાયના 50મા ઇમામ તરીકે રાજગાદી સંભાળ્યા પછી પ્રિન્સ રહીમ આગા ખાન પાંચમાની આ ભારતની પ્રથમ મુલાકાત છે.

# GOYAL-BRICS WOMEN

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે  બ્રિક્સ વુમન બિઝનેસ એલાયન્સ પરિષદમા બ્રિક્સ દેશોને મહિલા ઉદ્યોગસાહસિકોને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપવા માટે હાંકલ કરી છે.

શ્રી ગોયલે જણાવ્યું હતું કે ભારત શિક્ષણ, કૌશલ્ય અને જીવનની ગુણવત્તામાં સુધારો કરીને મહિલાઓને સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, જેનો ઉદ્દેશ્ય તેમને દેશના વિકાસના પ્રેરક બનાવવાનો છે. તેમણે નોંધ્યું હતું કે ભારતમાં લગભગ 30 કરોડ મહિલાઓના બેંકમા ખાતા ખોલવામા આવ્યા છે. શ્રી ગોયલે એમ પણ કહ્યું કે 'લખપતિ દીદી' પહેલ હેઠળ લગભગ 10 કરોડ ગ્રામીણ મહિલાઓ 90 લાખથી વધુ સ્વ-સહાય જૂથોની સભ્ય છે અને આર્થિક રીતે આત્મનિર્ભર બની રહી છે.

# RAJNATH - S LANKA PM

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગઈકાલે કોલંબોમાં શ્રીલંકાના પ્રધાનમંત્રી ડૉ. હરિણી અમરાસૂર્યા સાથે દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી. બંને નેતાઓએ શિક્ષણ, માહિતી ટેકનોલોજી , માળખાગત સુવિધાઓ , નવીનતા અને સંશોધન સહિત પરસ્પર હિતના ક્ષેત્રોમાં પ્રગતિની સમીક્ષા કરી.

# ABU DHABI-ODISHA MoU SIGN

ઓડિશા અને UAE વચ્ચે ઐતિહાસિક આર્થિક જોડાણ માટે 2 લાખ 10 હજાર કરોડથી વધુના રોકાણ માટેના સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામા આવ્યા છે. 2 લાખ 10 હજાર કરોડના અંદાજિત રોકાણ સાથે 14 નવી પરિયોજનાઓ શરૂ થશે , જેનાથી આશરે 8.68 લાખથી વધુ લોકોને રોજગારી મળશે.

ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી રાજ્યમાં વૈશ્વિક રોકાણ આકર્ષવા અને વેપાર સંબંધો મજબૂત કરવા માટે UAE ની મુલાકાતે છે. મુલાકાતના પ્રથમ તબક્કામાં અબુ ધાબી ખાતે અગ્રણી રોકાણકારો અને બિઝનેસ જૂથો સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજાઈ હતી.

# NEPAL FLOOD

વિનાશક પૂરને પગલે ભારતે નેપાળને માનવતાવાદી સહાયતા વધારી છે , અત્યાર સુધીમાં 130 ટનથી વધુ રાહત સામગ્રી પહોંચાડી છે અને શોધ , બચાવ અને ફોરેન્સિક કામગીરીમાં મદદ કરવા માટે 54 નિષ્ણાત કર્મચારીઓને તૈનાત કર્યા છે. નેપાળમાં ભારતીય દૂતાવાસે ગઈકાલે જણાવ્યું હતું કે 35 ટન રાહત અને બચાવ પુરવઠો લઈને આઠમું ભારતીય વાયુસેનાનું વિમાન કાઠમંડુ પહોંચ્યું છે.

આ દરમિયાન, ભારતની વિશેષ ટનલ બચાવ ટીમે શરૂઆતમાં ચિલીમે અને લંગટાંગમાં બે ઉચ્ચ જોખમી સ્થળોએ નેપાળી સેના સાથે સંયુક્ત કામગીરી શરૂ કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BJP-WB EX COMMITTEE

પશ્ચિમ બંગાળમાં ભાજપે વિધાનસભા પેટાચૂંટણી પહેલા 263 સભ્યોની રાજ્ય કારોબારી સમિતિની રચના કરી છે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી સહિત વરિષ્ઠ નેતાઓને સંગઠનાત્મક જવાબદારીઓ સોંપવામાં આવી છે. અધિકારીને તામલુક સંગઠનાત્મક જિલ્લાનો હવાલો સોંપવામાં આવ્યો છે , જેમાં રાજકીય રીતે મહત્વપૂર્ણ નંદીગ્રામ વિધાનસભા મતવિસ્તારનો સમાવેશ થાય છે. નંદીગ્રામમાં પેટાચૂંટણી 6 ઓક્ટોબરે યોજાશે. મુર્શિદાબાદ જિલ્લાની રેજીનગર બેઠક પર પણ પેટાચૂંટણી યોજાશે.

# WORLD PARA ARCHERY

વર્તમાન પેરાલિમ્પિક્સ ચેમ્પિયનમાં ભારતિય ખેલાડીઓએ અમદાવાદમાં વિશ્વ તીરંદાજી પેરા સિરીઝ સ્ટેજ 3 અભિયાનનો અંત કરી અંતિમ દિવસે 4 સુવર્ણ, 3 રજત અને 8 કાંસ્ય ચંદ્રક સહિત 15 ચંદ્રક જીત્યા છે. હરવિંદર સિંહ અને વિશ્વ નંબર 1 શીતલ દેવીએ ભારતની આગેવાની હેઠળ તેઓએ અંતિમ દિવસે બે સુવર્ણ અને ચાર કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

શીતલ દેવીએ નાટકીય શૂટ-ઓફમાં પેરા કમ્પાઉન્ડ મહિલા વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક જીત્યો , જ્યારે ડબલ પેરાલિમ્પિક્સ ચંદ્રક વિજેતા હરવિંદરે ભાવના સાથે મળીને પેરા રિકર્વ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

રિકર્વ મિક્સ્ડ ટીમ ફાઇનલમાં , ડબલ પેરાલિમ્પિક્સ ચંદ્રક વિજેતા હરવિંદર અને ભાવનાએ ચીનની લિયાંગ કિયુરોંગ અને ઝિયા લેઈને સીધા સેટમાં 6-0થી હરાવી. ત્યારબાદ ભાવનાએ ઓલ-ઇન્ડિયન પેરા રિકર્વ મહિલા કાંસ્ય ચંદ્રક પ્લે-ઓફમાં વધુ એક કાંસ્ય ચંદ્રક ઉમેર્યો.

સાંભળીએ એક અહેવાલ...

**(VC- APARNA KHUNT)**

# US OPEN TENNIS

યુએસ ઓપનમા ડિફેન્ડિંગ ચેમ્પિયન અલ્કારાઝને હરાવી અમેરિકાના બેન શેલ્ટન અને ફ્રાન્સિસ ટિયાફો પુરુષ સિંગલ્સની સેમિફાઇનલમાં જ્યારે મહિલાઓમાં સબાલેન્કા અને ગૌફ પણ સેમિફાઇનલમાં પહોંચ્યા છે. પુરુષ સિંગલ્સમાં અમેરિકાના બેન શેલ્ટન અને 11મા ક્રમાંકિત ફ્રાન્સિસ ટિયાફો વચ્ચે ઓલ-અમેરિકન સેમિફાઇનલ મુકાબલો થશે.

શુક્રવારે મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં , ડિફેન્ડિંગ ચેમ્પિયન સબાલેન્કાનો મુકાબલો ત્રીજા ક્રમાંકિત જેસિકા પેગુલા સામે થશે , જ્યારે ગૌફનો મુકાબલો કઝાકિસ્તાનની એલેના રાયબાકીના સામે થશે.

# IMD- WEATHER

હવામાન વિભાગે આજે ઓડિશામાં ભારેથી અતિ ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. આગામી બે દિવસ આસામ , મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ગંગા પશ્ચિમ બંગાળ , બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, કેરળ, માહે અને ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદની આગાહી છે.

હવામાન વિભાગે આ મહિનાની 15 તારીખ સુધી તમિલનાડુ , પુડુચેરી, કરાઈકલ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં અમેરિકા – ઇરાનના હુમલા અંગેના સમાચાર હેડલાઇનમાં વાંચવા મળી રહ્યા છે.
- સંદેશ લખે છે – USનો ખર્ગ દ્વીપ નજીક પાંચ ઈરાની ટેન્કર પર હુમલો
- નવગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે – US ઈરાનના ઓઇલ ટેન્કર પર હુમલા, ક્રૂડ 100 ડોલરને પાર
- દિવ્ય ભાસ્કર લખે છે – અમેરિકાએ ક્રૂડના 5 ટેન્કર ઉડાવ્યા , જવાબમાં ઇરાને 20 મિસાઈલો દાગી
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે - બ્રિક્સ પર ભારતકા બાદ બડા દાવ, સીમાપાર વ્યાપાર ઔર સ્થાનીય મુદ્રા મે ભુગતાન પર જોર
- ગુજરાતમાં 161 નાના મોટા પૂલો જર્જરિત હાલતમાં- ગુજરાત સમાચારે આ સમાચારને છેલ્લા પાને પ્રકાશિત કર્યા છે.